You are the creator of your own destiny...

# વિવેકાનંદ એકેડમી – કરંટ અફેર્સ

(02-ઓગસ્ટ-2018)

VISIT US – http://vivekanandacademy.org

VIVEKANAND ACADEMY

## વિવેકાનંદ એકેડમી - ગાંધીનગર

677 બીજો માળ,ઇન્કવાયરી સામે,
મુખ્ય શોપિંગ સેન્ટર,સેક્ટર-22- ગાંધીનગર

VIVEKANAND ACADEMY


## PI માટે ઇન્ટરવ્યું કાલે સવારે




(03-08-2018)

સમય 8 થી 10

MO - 8490927713

ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી માટે જરૂરી મટીરીયલસ.. પરીક્ષાલક્ષી માહિતી અને યોગ્ય માર્ગદર્શનમેળવવા માટેની વિવેકાનંદ એકેડમી ની ટેલીગ્રામ ચેનલ join કરો.

https://t.me/VivekanadAcademy

# મીના કુમારીની 85મી જન્મજયંતી પર ગૂગલની ખાસ ડૂડલ દ્વારા અંજલિ



- હિન્દી ફિલ્મો ના દંતકથારૂપ અભિનેત્રી મીના કુમારીની 85મી જન્મજયંતી નિમિત્તે ગૂગલે 'પાકીઝા' ફિલ્મની એક તસવીર સાથેના ડૂડલ દ્વારા તેમને શ્રદ્ધાંજલી અર્પી.
- 1 ઓગસ્ટ 1933માં જન્મેલાં મીના કુમારીનું મૂળ નામ મહેજબીન હતું.
- તેમણે 'દો બીઘા ઝમીન', 'દિલ અપના ઔર પ્રીત પરાઇ' અને 'દિલ એક મંદિર' સહિતની ફિલ્મો માં અભિનયના ઓજસ પાથર્યા હતા.
- 1962માં મીના કુમારીએ ગુરુ દત્ત ની 'સાહિબ, બીબી ઔર ગુલામ' ઉપરાંત 'મૈં ચુપ રહુંગી' અને 'આરતી' એમ કુલ 3 ફિલ્મમાં શાનદાર અભિનય આપતાં 1963ના ફિલ્મફેર એવોર્ડ્સ માં બેસ્ટ એક્ટ્રેસની કેટેગરીમાં તમામ નોમિનેશન્સ તેમના નામે જ હતા.
- જેમાંથી તેમણે 'સાહિબ, બીબી ઔર ગુલામ' માટે એવોર્ડ મેળવ્યો હતો.

# 7 રાજ્યોમાં 13 નવી કેન્દ્રિય વિદ્યાલયને મંજૂરી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની આર્થિક સમિતિએ દેશના 7 રાજ્યોમાં 13 કેન્દ્રિય વિદ્યાલય બનાવવાની માટે મંજૂરી આપી.
- આ સાથે જ મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના એલોટ ખાતે બીજી જવાહર નવોદય વિદ્યાલય બનાવવાની મંજૂરી આપી.
- દેશના જિલ્લાઓમાં એક જ જવાહર નવોદય વિદ્યાલય હોય છે રતલામ જિલ્લો પ્રથમ છે જયાં બીજી જવાહર નવોદય વિદ્યાલય બનશે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 અંતર્ગત ભારત સરકારે જવાહર નવોદય વિદ્યાલયો શરૂ કરી હતી.

नवोदय विद्यालय समिति
प्रज्ञानं ब्रह्म

VIVEKANAND ACADEMY
8490927713, 9925698721
Gandhinagar

# રિઝર્વ બેન્ક રેપો રેટ

- રિઝર્વ બેન્કે રેપો રેટ 0.25% વધારી 6.5% કર્યો છે.
- બેન્કે 6 જૂનના રોજ કરેલી સમીક્ષામાં પણ આ રેટ 0.25% વધાર્યો હતો. બેન્ક જે વ્યાજના દરે રિઝર્વ બેન્ક પાસેથી લોન લે છે તેને રેપો રેટ કહે છે.
- આ વધવાથી બેન્કો માટે ભંડોળ મેળવવું મોંઘુ થઈ જાય છે.
- જુલાઈ- સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં રિટેલ મોંઘવારી 4.6%, ઓક્ટોબર- માર્ચ ના છ માસિક ગાળામાં 4.8% અને એપ્રિલ- જૂન 2019ના ગાળામાં 5% રહેશે.
- રિઝર્વ બેન્કના ગવર્નર ઉર્જિત પટેલની અધ્યક્ષતા હેઠળની નાણાકીય નીતિ સમીતિ ના 6માંથી 5 સભ્યોએ રેટ વધારવા ની તરફેણ કરી હતી.
- આ 2018-19માં રિઝર્વ બેન્કની ત્રીજી સમીક્ષા હતી. હવે પછીની સમીક્ષા 3-5 ઓક્ટોબર દરમિયાન થશે.

### રિઝર્વ બેન્કે મુખ્ય માહિતી

- સ્થાપના – 1 એપ્રિલ 1935
- મુખ્યાલય – મુંબઈ
- ગવર્નર – ઊર્જિત પટેલ

# ફોર્ચ્યુન 500 - દુનિયાની સૌથી મોટી કંપનીઓ

- અમેરિકાના ફોર્ચ્યુન મેગેઝીન દ્વારા તાજેતરમાં દુનિયાની સૌથી મોટી 500 કંપનીઓ ની યાદી જાહેર કરી.
- વર્ષ 2018ની આ યાદીમાં 500 પૈકી ભારતની 7 કંપનીનો સમાવેશ થયો.
- આ યાદીમાં ભારતની ઇંડિયન ઓઇલ કોર્પોરેશન 137માં સ્થાને રહી ,વર્ષ 2017માં તે 167માં સ્થાને હતી.
- યાદીમાં રિલાઇન્સ 148માં સ્થાને રહી

### ઇંડિયન ઓઇલ કોર્પોરેશન મુખ્ય માહિતી

- સ્થાપના – 1659
- મુખ્યમથક – નવી દિલ્લી
- અધ્યક્ષ – સંજીવ સિંહ

# બાયો-ફ્યુઅલ નીતિ અમલ કરતું પ્રથમ રાજય - રાજસ્થાન



- રાજસ્થાન કેન્દ્ર સરકાર દ્વારા મે-2018માં લોન્ચ કરવામાં આવેલ રાષ્ટ્રીય બાયો-ફ્યુઅલ નીતિનો અમલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું.
- બાયો-ફ્યુઅલ નીતિ સાથે રાજ્યે બાયો-ફ્યુઅલ નિયમ 2018 લાગુ કરવાનો નિર્ણય કર્યો.
- નીતિ મુજબ રાજ્ય ઓઇલ-સીડ ના ઉત્પાદને પ્રોત્સાહન આપશે.

## રાજસ્થાન મુખ્ય માહિતી

- રાજધાની – જયપુર
- મુખ્ય મંત્રી – વસુંધરા રાજે
- રાજ્યપાલ - કલ્યાણ સિંહ




FOR ALL TYPES OF STUDY MATERIALS

VISIT US – http://vivekanandacademy.org

EMAIL

Gandhinagar – vivekanandacademy2012@gmail.com

VIVEKANAND ACADEMY
8490927713, 9925698721
Gandhinagar

# Question

1) અભિનેત્રી મીના કુમારીનું મૂળ નામ  જણાવો ?
   - મહેજબીન
2) ક્યાં જિલ્લાને બીજી જવાહર નવોદય વિદ્યાલય બનાવવાની મંજૂરી આપી ?
   - રતલામ (મધ્યપ્રદેશ)
3) કઈ નીતિ અંતર્ગત ભારત સરકારે જવાહર નવોદય વિદ્યાલયો શરૂ કરી  ?
   - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986
4) રિઝર્વ બેન્કના ગવર્નર ?
   - ઉર્જિત પટેલ
5) ફોર્ચ્યુન મેગેઝીન દ્વારા જાહેર થયેલ દુનિયાની સૌથી મોટી 500 કંપનીઓ ની યાદીમાં ભારત ની કેટલી કંપની નો સમાવેશ થયો ?
   - 7
6) ઇંડિયન ઓઇલ કોર્પોરેશનની સ્થાપના ક્યારે થઈ હતી ?
   - 1659માં
7) રાષ્ટ્રીય બાયો-ફ્યુઅલ નીતિનો અમલ કરનાર દેશ પ્રથમ રાજ્ય ?
   - રાજસ્થાન




**VIVEKANAND ACADEMY**
**8490927713, 9925698721**
**Gandhinagar**